**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૨૯.૦° સે. | ૨૮.૦° સે. |
| આહવા | ૨૭.૦° સે. | ૨૬.૦° સે. |
| વલસાડ | ૨૯.૦° સે. | ૨૮.૦° સે. |
| વાપી | ૨૯.૦° સે. | ૨૮.૦° સે. |

## નવસારીના અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો

**નવસારી** અને વિજલપોરના નીચાણવાળા વિસ્તારોમાં આરોગ્યને લઈ લોકોમાં ચિંતા



નવસારીઃ છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા ભારે વરસાદ બાદ બુધવારે મેઘરાજાએ થોડો વિરામ લીધો હતો, જેના કારણે શહેરમાં વરસાદનું જોર ઘટતાં લોકોને આંશિક રાહત મળી હતી. જોકે, વરસાદ બંધ થયા પછી પણ નવસારી શહેર અને વિજલપોરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો યથાવત રહેતાં સ્થાનિકોની મુશ્કેલીઓ હજુ ઓછી થઈ નથી. કાશીવાડી, રુસ્તમવાડી, ભેસત ખાડા, દશેરા ટેકરી સહિતના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર હજુ પણ પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. કેટલીક સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં પાણીનો ધીમે ધીમે નિકાલ થઈ રહ્યો છે, જ્યારે કેટલાક સ્થળોએ લોકો હજુ પણ પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. પરિણામે વાહનચાલકો, રાહદારીઓ તેમજ સ્થાનિક વેપારીઓને દૈનિક કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ ભારે વરસાદ બાદ વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તેવી અપેક્ષા હતી, પરંતુ અનેક સ્થળોએ પાણી લાંબા સમય સુધી ભરાયેલું રહેતાં લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા પરિવારોને અવરજવર, સફાઈ અને રોજિંદા જીવનમાં અગવડતા અનુભવાઈ રહી છે.

### સબ જેલ-સત્ય સાંઈ માર્ગ પર પાણી ભરાવાથી લોકો પરેશાન

નવસારીઃ શહેરના સબ જેલ નજીક તેમજ સત્ય સાંઈ પ્રવેશદ્વારથી પોલીસ લાઇન તરફ જતાં મુખ્ય માર્ગ પર વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે ચોમાસામાં ભારે મુશ્કેલી સર્જાઈ રહી છે. વરસાદ બાદ લાંબા સમય સુધી રસ્તા પર પાણી ભરાયેલા રહેતાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાવાને કારણે રસ્તા પરના ખાડાઓ દેખાતા ન હોવાથી અકસ્માતની આશંકા વધી ગઈ છે.

### મેયર, ધારાસભ્ય અને કમિશનર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે

નવસારીઃ બુધવારે સવારે મેયર અશોક ધોરાજીયા, ધારાસભ્ય રાકેશ દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલ અને મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય સહિતના પદાધિકારીઓએ વોર્ડ નં. 2, 3, 4, 5, 6, 7 અને 13ના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. મહાનગરપાલિકાએ પાણી ઓસરતાની સાથે જ સફાઈ, કાદવ દૂર કરવાની કામગીરી, દવાઓનો છંટકાવ અને ફોગિંગ શરૂ કરાવ્યું છે. અસરગ્રસ્ત પરિવારો માટે રામજી મંદિર ખાતે તૈયાર કરાયેલા આશરે 3,000 ફૂડ પેકેટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ઉપરાંત ટાટા સ્કૂલ ખાતેના આશ્રયસ્થાનોની મુલાકાત લઈ જરૂરી સુવિધાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

## ડાંગમાં વરસાદના પગલે 50થી વધુ ગામ સંપર્ક વિહોણા થયાં

**29 જેટલા નીચાણવાળા કોઝવે કમ પુલો પાણીમાં**


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન સુબિર પંથકમાં 71 મિમી અર્થાત 2.84 ઈંચ, વઘઇ પંથકમાં 85 મિમી અર્થાત 3.4 ઈંચ, આહવા પંથકમાં 172 મિમી અર્થાત 6.88 ઈંચ, જ્યારે સૌથી વધુ સાપુતારા પંથકમાં 244 મિમી અર્થાત 9.76 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી અનરાધાર વરસાદ પડતાં અંબિકા,પૂર્ણા, ગીરા અને ખાપરી નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. ડાંગ જિલ્લામાં અનરાધાર વરસાદનાં પગલે નદી, નાળા, વહેળા, કોતરડા ગાંડાતુર બનતા નીચાણવાળા 29 જેટલા કોઝવેકમ પુલો ઊંડા પાણીમાં ગરક થઈ જતાં મંગળવારે સવાર સુધીમાં 50 જેટલા ગામડાઓ જિલ્લાનાં વહીવટી મથકથી સંપર્કવિહોણા બન્યા હતા. સાથે આ વરસાદની તારાજીનાં પગલે અનેક જગ્યાએ માટીનો મલબો અને પથ્થરો, વૃક્ષો અને ભેખડો માર્ગ પર ધસી પડ્યા હતા. જેને પગલે માર્ગો જોખમી બન્યા હતા. ડાંગ જિલ્લામાંથી પસાર થતાં એકમાત્ર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૯૫૩ ઉપર (શામગહાન- માલેગામ-સાપુતારા રોડ) સાપુતારાથી 500 મીટર નીચે, ગણેશ મંદિર પાસે રોડ પર કાળમીંઢ ખડકો સાથે ભેખડ ધસી આવતા વિભાગના લાશ્કરોએ તેને વરસતા વરસાદમાં તાત્કાલિક દૂર કરી, વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો. તો બીજી તરફ બારીપાડાથી સુરગાણા મહારાષ્ટ્રને જોડતો રાજય ધોરીમાર્ગનાં માનમોડી ગામ નજીક જુના પુલનાં એપ્રોચમાં વ્યાપક ધોવાણ થતાં આ માર્ગ વાહનવ્યવહાર માટે પ્રભાવિત થયો છે. અંબિકા નદીનો ભયાનક પુર આ જૂના બ્રિજની સાઈડ એપ્રોચ ઘસડી જતાં વાહનવ્યવહાર થંભી ગયો હતો. જ્યારે ગલકુંડનો કાંચન ઘાટ રોડ ઉપર પણ મલબો ધસી પડતાં પંચાયત માર્ગ અને મકાન વિભાગે તેને તાત્કાલિક ધોરણે દૂર કરી વાહન વ્યવહાર માટે માર્ગ ખુલ્લો કર્યો હતો. ભારે વરસાદ અને પવનના કારણે જિલ્લામાં કુલ 72 વીજપોલને નુકસાન થયું છે,

## વાંસદા સતીમાળ પ્રાથમિક શાળાની નવી કમ્પાઉન્ડ વોલ ધરાશાયી

**અધિકારી** અને કોન્ટ્રાક્ટર સામે ગેરરીતિના આક્ષેપ


નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા તાલુકાની સતીમાળ પ્રાથમિક શાળામાં બનાવવામાં આવેલી નવી પાકી કમ્પાઉન્ડ વોલ ચોમાસાની શરૂઆતમાં પડેલા વરસાદમાં જ સંપૂર્ણ પણે ધરાશાયી થઈ જતાં કામની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં બેદરકારી રાખવામાં આવી હોવાની સાથે ભ્રષ્ટાચારની પણ આશંકા વ્યક્ત થઈ રહી છે. આ સમગ્ર મામલે વહીવટી તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી દિવાલના બાંધકામની ગુણવત્તા, ટેકનિકલ મંજૂરી અને ખર્ચની તપાસ કરવામાં આવે તેમજ જો કોઈ ગેરરીતિ કે બેદરકારી સામે આવે તો જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. જો ચાલુ શાળા દરમિયાન દિવાલ ધરાશાયી થઈ ને કોઈ વિદ્યાર્થીને ઈજા થઈ હોત તો જવાબદાર કોણ?

## ચીખલીના નોંગામામાં તળાવ ઊભરાતાં ઘરોમાં પાણી, ૪૦ લોકોનું રેસ્ક્યૂ

**સુંઠવાડ** પાટિયા પાસે પાણી ભરાતા હાઈવે પર ટ્રાફિક જામ, દીવાલ તોડી પાણીનો નિકાલ કરાયો



ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલીમાં મંગળવારના રોજ સાંજે ચારેક વાગ્યા બાદ વરસાદનું જોર વધતા છ કલાકમાં ૧૧૧-મીમી જેટલો ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. તાલુકાના નોંગામાં ગામે તળાવ ઉભરાતા અને સ્થાનિક કોતરમાં પૂર આવતા ભૂરી ફળિયામાં પંદરેક જેટલા ઘરોમાં પાણી ભરાતા રાત્રિ દરમિયાન લોકો મુશ્કેલીમાં મુકાવા સાથે ઘરમાં રાચરચીલું, અનાજ, કઠોળ પલળી જતા મોટું નુકસાન થયું હતું. રાત્રિ દરમિયાન નોંગામા ગામે મામલતદાર હિરેનભાઈ મૈસૂરિયા, પીએસઆઈ-આર.એન.વાડલે સહિતનો સ્ટાફ ધસી જઈ ૪૦-જેટલા લોકોને પાણીમાંથી બહાર કાઢી નજીકની પ્રાથમિક શાળામાં ખસેડાયા હતા અને ત્યાં જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી નેશનલ હાઈવે પર સુંઠવાડ પાટિયા પાસે પાણી ભરાતા વાહન વ્યવહાર અવરોધાતા વાહનોની લાંબી લાઈન સાથે ટ્રાફિક જામ થઈ જતા તંત્ર દ્વારા જેસીબીની મદદથી ડિવાઈડર અને નાણા તોડી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી આ ઉપરાંત ખારેલ રાનકુવા રાજ્ય ધોરીમાર્ગ ઉપર ટાંકલ સર્કલ પાસે મોટી માત્રામાં પાણી ભરાતા વાહન વ્યવહારને અસર થઈ હતી. સારવણીના ગોડાઉન ફળીયામાં સ્થાનિકોએ જેસીબીથી પાણીના નિકાલની વ્યવસ્થા કરી ઘરોમાં પાણી આવતા અટકાવ્યા હતા.


કેરસી બારીયા

## ગણદેવીમાં પાણી ઓસરતા સ્થળાંતરિત 22 લોકો ઘરે પરત

**બીલીમોરા** અમલસાડ જતાં પુલના અપ્રોચમાં ગાબડું પડ્યું

બીલીમોરાઃ સવારે ૮ કલાકે વીતેલા ૧૬ કલાક દરમિયાન ગણદેવીમાં ૩.૪૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. ગણદેવીમાં મંગળવારે મેઘપ્રલય બાદ બુધવારે ઉઘાડ નીકળવા સાથે પૂર ઓસર્યા હતા. બીલીમોરા નગરપાલિકાનાં દેસરા કુંભારવાડ વિસ્તારમાંથી સ્થળાંતર કરાયેલા તમામ ૨૨ નગરજનો ઘરે પરત ફર્યા હતા. ગણદેવીનાં મટવાડથી ખારેલ માર્ગ ઉપર લકઝરી બસના મુસાફરોને રેસ્ક્યુ કરાયા હતા. અંબિકા નદીની જળસપાટી ૨૬.૫૬ ફૂટથી ઘટી ૨૨.૩૦ ફૂટ અને કાવેરી નદીની જળસપાટી ભયજનક ૧૯ ફૂટથી ૬ફૂટ ઘટીને ૧૨ ફૂટે વહેતા લોકોએ હાશકારો લીધો હતો. પૂર ઓસર્યા બાદ પુનઃ ધબકતા કરવા તંત્રએ કામગીરી હાથ ધરી હતી. તાજેતરમાં અંબિકા નદી પર બનેલા બીલીમોરા અમલસાડ જતાં પુલના અપ્રોચમાં ગાબડું પડ્યું હતું. જેને માર્ગ અને મકાન ખાતાએ રિપેર કરી દીધો હતો.

